GJAR030000372026

રજુ તારીખ ૦૫–૦૧–૨૦૨૬
દાખલ તારીખ ૦૫–૦૧–૨૦૨૬
ફેસલ તારીખ ૦૯–૦૩–૨૦૨૬
સમયગાળો વર્ષ–માસ–દિવસ
૦૦– ૦૨ – ૦૪

सत्य मेव जयते

**ભિલોડાના મે.જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,**
**મુ.ભિલોડા, જી.અરવલ્લી – મોડાસા**

**ફોજદારી કેસ નં.૨૭/૨૦૨૬**
**આંક–**

**–:: ફોર્મ–એ ::–**

| | |
|---|---|
| **જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. કોર્ટ, ભિલોડા – અરવલ્લી**<br>હુકમની તારીખ:–૦૯/૦૩/૨૦૨૬<br>**ફોજદારી કેસ નંબર : ૨૭/૨૦૨૬** | |
| પોલીસ સ્ટેશન | ભિલોડા પો.સ્ટે.ગુ.રજી.નં.૦૫૧૧/૨૦૨૫ |
| ગુન્હો | બી.એન.એસની કલમ– ૩૦૩(૨),૫૪ મુજબ |
| ફરીયાદી | શ્રી સરકાર |
| **ફરીયાદી તર્ફે** | **વિ.એ.પી.પી.શ્રી. કે.એન.સિસોદીયા** |
| **–:: વિરૂધ્ધ::–** | |
| આરોપીઓ | (૧) જીતુભાઇ પ્રકાશભાઇ વાઘરી (દેવીપુજક), રહે.મહેમદાવાદ, પુજન હોસ્પીટલ પાછળ, મહેમદાવાદ, જી.ખેડા |

| | |
|---|---|
| | (૨) ગુલાબભાઇ દેવકરણભાઇ વાઘેલા (દેવીપુજક), રહે.મહેમદાવાદ, કાછીયા રોડ બ્રીજ નીચે, તા.મહેમદાવાદ,જી.ખેડા<br><br>(૩) પ્રકાશભાઇ રામસીંગભાઇ વાઘરી (દેવીપુજક), રહે.વૈશાલી રોડ વિલાસ સોસાયટીની સામે, નડિયાદ, તા.નડિયાદ, જી.ખેડા |
| **આરોપીઓ તર્ફે** | **વિ.વકીલ શ્રી : પી.એ.ત્રીપાઠી** |

**–:: ફોર્મ – બી ::–**

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | તા.૧૫/૦૭/૨૦૨૫ |
| એફ.આઈ.આર.ની તારીખ | તા.૧૫/૦૭/૨૦૨૫ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | તા.૦૫/૦૧/૨૦૨૬ |
| તહોમતનામું ફરમાવ્યા તારીખ | તા.૧૦/૦૨/૨૦૨૬ |
| પુરાવો નોંધવાનું શરૂ કર્યા તારીખ | તા.૦૭/૦૩/૨૦૨૬ |
| હુકમ ઉપર લીધેલાની તારીખ | તા.૦૭/૦૩/૨૦૨૬ |
| હુકમ જાહેર કર્યા તારીખ | તા.૦૯/૦૩/૨૦૨૬ |
| સજાનો હુકમ જાહેર કર્યા તારીખ | –– |

**–:: આરોપીની વિગત ::–**

| | |
|---|---|
| આરોપીનો ક્રમ | (૧) થી (૨) |

| | |
|---|---|
| આરોપીનું નામ | (૧) જીતુભાઇ પ્રકાશભાઇ વાઘરી (દેવીપુજક),<br>(૨) ગુલાબભાઇ દેવકરણભાઇ વાઘેલા (દેવીપુજક),<br>(૩) પ્રકાશભાઇ રામસીંગભાઇ વાઘરી (દેવીપુજક), |
| ધરપકડ કર્યા તારીખ | તા.૦૪/૧૨/૨૦૨૫ |
| જામીન મુકત કર્યા તારીખ | તા.૦૬/૧૨/૨૦૨૫ |
| કયો ગુન્હો નોંધાયેલ | બી.એન.એસની કલમ- ૩૦૩(૨),૫૪ મુજબ |
| છોડી મુકેલ કે સજા કરેલ છે | છોડી મુકેલ છે. |
| સજા કર્યાની વિગત | -- |
| બી.એન.એસ.એસની કલમ ૪૫૨ મુજબ - ન્યાયીક કાર્યવાહી દરમીયાન જેલમાં રહેલ સમય | -- |

**-:: ફોર્મ - સી ::-**

**એ - ફરીયાદપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :-**

| **ક્રમ** | **સાહેદના નામ** | **પ્રકાર** | **આંક** |
|---|---|---|---|
| (૧) | પાંડવ ઇન્દુબેન શૈલેષભાઇ | ફરીયાદી | ૧૧ |
| (૨) | પાંડવ શૈલેષભાઇ મનજીભાઇ | સાહેદ | ૧૩ |

**બી- આરોપીપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :- સાહેદો તપાસેલ નથી.**

**સી- અદાલતે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :- સાહેદો તપાસેલ નથી.**

**એ– ફરીયાદપક્ષ ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:–**

| **ક્રમ** | **આંક તથા સાહેદ નંબર જેમા દસ્તાવેજ રજુ થયેલ છે.** | **વર્ણન** |
|---|---|---|
| ૧. | ૧૨ (ફ.સાહેદ નં.૧) | ફરીયાદ |
| ૨. | ૧૪ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું |
| ૩. | ૧૫ | રીકવરી પંચનામું |
| ૪. | ૧૬ | મુદ્ઘામાલ રીકવરી પંચનામું |
| ૫. | ૧૭ | કલોજીંગ પુરસીસ |

**બી– બચાવ પણ દવારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.**

**સી– અદાલત વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.**

**ડી– અઘલત સમક્ષ લેવામા આવેલ તકરારો તથા તેનુ વાર્ણન :– નથી.**

**//ચુકાદો//**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, તમો આરોપીઓએ ગઇ તારીખ – ૧૫/૦૭/૨૦૨૫ ના કલાક. ૧૩/૦૦ વાગ્યાની આસપાસ મોજે ભિલોડા બસ સ્ટેન્ડમાંથી આ કામના ફરીયાદીના ગળામાં પહેરેલ સવા–તોલા વજનની સોનાની ચેઇન જેની આશરે કિ.રૂા.૯૦,૦૦૦/– ની ભિલોડા બસસ્ટેન્ડમાં બસમાં ચઢતી વખતે નજર ચુકવી ચોરી કરી લઈ જઈ પોલીસ તપાસ દરમ્યાન આરોપી નં ૧ નાઓ પાસે સદર ચોરાયેલ મુદ્ઘામાલ ઝડતી તપાસ દરમ્યાન મળી આવી જે તે વખતે આરોપી,૧,૨,૩ નાઓએ ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી તપાસ દરમ્યાન મળી આવી

પકડાઈ જઈ ગુન્હો કરી બી.એન.એસ.કલમ.૩૦૩(૨), ૫૪ મુજબનો ગુન્હો કરેલ છે.જે બાબતની ફરીયાદ ફરીયાદીએ તા.૧૫/૦૭/૨૦૨૫ ના રોજ શામળાજી પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૫૧૧/૨૫ થી જાહેર કરેલ છે. ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ આંક-૧ મુજબનું ચાર્જશીટ નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે.

(૨) આ કામના આરોપી સામે ચાર્જશીટ રજૂ થતાં, આરોપીઓ સામે ઉપરોકત ગુન્હા નું સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ કરવામાં આવેલ જે અનુસંધાને કોર્ટમાં ઉપસ્થિત થયેલ ત્યાર બાદ બી.એન.એસ.ની કલમ-૨૩૦ મુજબ આરોપીને ચાર્જશીટ તથા પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ,આરોપી ઉપર **આંક-૦૭** થી ઉપરોકત ગુન્હાઓનું તહોમતનામું કોર્ટ દ્વારા ફરમાવી, સદરહું તહોમતનામું આરોપને વાંચી-સંભળાવી, આરોપીનું સદરહું તહોમતનામા અંગે **આંક-૦૮** થી **૧૦** નીવેદન નોંધવામાં આવેલ અને જે નિવેદનમાં આરોપીને ગુના અંગે પુછતા તેઓએ ગુનાનો ઈન્કાર કરતા સદરહુ કામ ફરીયાદ પક્ષના પુરાવા માટે મુલત્વી રાખવામાં આવેલ.

(૩) ફરિયાદ પક્ષ તરફથી સદરહુ કામે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | પુરાવો | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી પાંડવ ઇન્દુબેન શૈલેષભાઇની જુબાની | ૧૧ |
| ૨ | ફરિયાદ | ૧૨ |
| ૩ | સાહેદ પાંડવ શૈલેષભાઇ મનજીભાઇની જુબાની | ૧૩ |
| ૪ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું | ૧૪ |

| | | |
|---|---|---|
| ૫ | રીકવરી પંચનામું | ૧૫ |
| ૬ | મુદ્દામાલ રીકવરી પંચનામું | ૧૬ |
| ૭ | કલોજીંગ પુરસીસ | ૧૭ |

**(૪)** આરોપીઓ સામે વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોઈ બી.અને.એસ.એસની કલમ – ૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**(૫)** ત્યાર બાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી પક્ષે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

**(૬)** પક્ષકારોના બચાવ નિવેદન અન્વયે સદર કેસના નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**મુદ્દા**_

| | |
|---|---|
| **(૧)** | શું ફરિયાદ પક્ષ એ હકીકત ની: શંક પણે પુરવાર કરે છે કે, તમો આરોપીઓએ ગઇ તારીખ:–૧૫/૦૭/૨૦૨૫ના કલાક. ૧૩/૦૦ વાગ્યાની આસપાસ મોજે ભિલોડા બસ સ્ટેન્ડમાંથી આ કામના ફરીયાદીના ગળામાં પહેરેલ સવા–તોલા વજનની સોનાની ચેઇન જેની આશરે કિ.રૂા.૯૦,૦૦૦/– ની ભિલોડા બસસ્ટેન્ડમાં બસમાં ચઢતી વખતે નજર ચુકવી ચોરી કરી લઈ જઈ પોલીસ તપાસ દરમ્યાન આરોપી નં ૧ નાઓ પાસે સદર ચોરાયેલ મુદ્દામાલ ઝડતી તપાસ દરમ્યાન મળી આવી જે તે વખતે આરોપી,૧,૨,૩ નાઓએ ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી તપાસ દરમ્યાન મળી આવી પકડાઈ જઈ ગુન્હો કરી બી.એન.એસ.કલમ.૩૦૩(૨), ૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |
| **(૨)** | શું હુકમ ? |

**(૭)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે :–

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણયો માટેના મારા કારણો નીચે મુજબ છે :–

**–//કારણો//–**

**(૮) મુદ્દા નંબર – ૧ તથા ૨ અંગે : –**

**(૮.૧)** સૌ પ્રથમ આ કામે ફરીયાદપક્ષે **આંક – ૧૧ થી ફરીયાદી પાંડવ ઈન્દુબેન શૈલેષભાઈ** નાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની કોર્ટ રૂબરૂ જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૧૫/૭/૨૫ ના રોજ તેઓ તેમના ઘરે હાજર હતા અને તેમના દિયર લકવાથી પીડાતા હોય તેમની સારવાર દાંતિવાડા–બનાસકાંઠા ગામે ચાલતી હોય તેઓ તથા તેમના દેરાણી ભાવનાબેન બપોરે આશરે બારેક વાગ્યાની આસપાસ અમારા ઘરેથી નીકળી ખાનગી વાહનમાં બેસી ભિલોડા બસ સ્ટેશન આવેલા અને બંને બસ સ્ટેશન ઉપર બેસેલ હતા દરમીયાન આશરે એકાદ વાગ્યાની આસપાસ પ્લેટફોર્મ ઉપર ભિલોડા થી થરાદ જતી બસ આવતાં તેઓ તથા તેમના દેરાણી બંને બસમાં બેસવા સારુ દરવાજા પાસે ચઢતા હતા અને પેસન્જરોની ઘણી ભીડ હોય તે દરમીયાન બસના પગથીયા ચડી બસમાં ઉભી હતી તે વખતે તેમના ગળામાં હાથ ફેરવતાં તેમના ગળામાં તેઓએ પહેરેલ સોનાની ચેઈન તેમના ગળામાં જણાયેલ નહીં. જેથી તેઓ અને તેમના દેરાણી બંને જણાએ બસમાં ઉભી હતી તે જગ્યાથી બસમાંથી નીચે ઉતરી આજુબાજુ તપાસ કરેલ પરંતુ તેમની સોનાની ચેઈન કયાંય પણ મળી આવેલ નહી. જે સોનાની ચેઈન આશરે સવા તોલાની તેઓએ ૨૦૨૧માં ખરીદેલ હતી જેની કિં.રૂા. ૯૦,૦૦૦/– હતી આ સોનાની ચેઈન કોણે ચોરેલ તે તેમને ખબર નથી. આ ચેઈન મેળવવા માટે તેઓએ નામે.કોર્ટમાં મુદ્દામાલ અરજી દાખલ કરેલ છે. આ ચોરી બાબતે તેઓએ અજાણ્યા ઈસમો વિરૂધ્ધ ભિલોડા પોલીસ

સ્ટેશને ફરીયાદ આપે.જેમાં તેઓએ સહિ કરેલી.આ કામે તેઓ કોઈ વધુ સાક્ષી તપાસવા માંગતા નથી.

જયારે બચાવ પક્ષ તરફે કરવામાં આવે ઊલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે**, હું આરોપીઓને જોઈથી ઓળખી શકુ નહીં, મને પોલીસ સ્ટેશન કે મામલતદાર રૂબરૂ આરોપીની ઓળખ પરેડ માટે બોલાવેલ હોય તેવું બનેલ નથી કે, મારી હાજરીમાં આરોપીઓ પાસેથી પોલીસે કોઈ મુદ્દામાલ રીકવર કરેલ હોય અને મને મુદ્દામાલ ઓળખ માટે બોલાવેલ હોય તેવું બનેલ નથી, મારી ગળામાંથી ચેઈન કોણે ખેંચેલ તે હું કહી શકું નહીં. ચેઈન પડી ગયેલ કે કોઈ ઈરાદા પૂર્વક ખેંચી ગયેલ તે હું કહી શકું નહીં.''** વધુમાં, ફરીયાદ પક્ષે આંક – ૧૩ થી સાહેદ પાંડવ શૈલેષભાઈ મનજીભાઈ નાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની કોર્ટ રૂબરૂ જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૫/૭/૨૫ ના રોજ તેઓ તેમના ઘરે હાજર હતા અને તેમના નાનભાઈ કલ્પેશભાઈ લકવાથી પીડાતા હોય તેમની સારવાર દાંતિવાડા–બનાસકાંઠા ગામે ચાલતી હોય તેમના પત્ની તથા તેમના ભાઈની પત્ની ભાવનાબેન બપોરે આશરે બારેક વાગ્યાની આસપાસ તેઓના ઘરેથી નીકળી ખાનગી વાહનમાં બેસી ભિલોડા બસ સ્ટેશન ગયેલા અને બંને બસ સ્ટેશન ઉપર બેસેલ હતા દરમીયાન આશરે એકાદ વાગ્યાની આસપાસ પ્લેટફોર્મ ઉપર ભિલોડા થી થરાદ જતી બસ આવતાં તેમની પત્ની તથા તેમના ભાઈની પત્ની બંને બસમાં બેસવા સારુ દરવાજા પાસે ચઢતા હતા અને પેસેન્જરોની ઘણી ભીડ હોય તે દરમીયાન બસના પગથીયા ચડી બસમાં ઉભા હતા તે વખતે તેમના પત્નીના ગળામાં હાથ ફેરવતાં તેના ગળામાં પહેરેલ સોનાની ચેઈન ગળામાં જણાયેલ નહીં. જેથી તેમની પત્ની અને તેમના ભાઈની પત્ની બંને જણાએ બસમાં ઉભા હતા તે જગ્યાથી બસમાં થી નીચે ઉતરી આજુબાજુ તપાસ કરેલ પરંતુ

સોનાની ચેઈન ક્યાંય પણ મળી આવેલ નહીં. **જે સોનાની ચેઈન આશરે સવા તોલાની ૨૦૨૧ માં ખરીદેલ હતી જેની કિ.રૂા.૯૦,૦૦૦/- હતી આ સોનાની ચેઈન કોણે ચૌરેલ તે તેમને ખબર નથી. આ ચેઈન મેળવવા માટે તેમની પત્નીએ નામ. કોર્ટમાં મુદ્દામાલ અરજી દાખલ કરેલ છે. આ ચોરી બાબતે તેમની પત્નીએ અજાણ્યા ઈસમો વિરૂધ્ધ ભિલોડા પોલીસ સ્ટેશને ફરીયાદ આપેલ. બનાવ બાબતે પોલીસે તેમનો જવાબ લીધેલ. આ સોનાની ચેઈન કોઈણે ચોરી કરેલ તે તેઓ કહી શકે નહીં.**

જ્યારે બચાવ પક્ષ તરફે કરવામાં આવે ઊલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **હું આરોપીઓને જોઈથી ઓળખી શકુ નહીં, મને પોલીસ સ્ટેશન કે મામલતદાર રૂબરૂ આરોપીની ઓળખ પરેડ માટે બોલાવેલ હોય તેવું બનેલ નથી કે, અમારી હાજરીમાં આરોપીઓ પાસેથી પોલીસે કોઈ મુદ્દામાલ રીકવર કરેલ હોય અને મને મુદ્દામાલ ઓળખ માટે બોલાવેલ હોય તેવું બનેલ નથી, મારી પત્નીના ગળામાંથી ચેઈન કોણે ખેંચેલ તે હું કહી શકું નહીં. ચેઈન પડી ગયેલ કે કોઈ ઈરાદા પૂર્વક ખેંચી ગયેલ તે હું કહી શકું નહીં.''**

(૯) આમ, ઉપરોકત તપાસેલ ફરીયાદી તથા તેના પતીની સોગંદપર ની જુબાની દ્વારા હાલના આરોપીઓ દ્વારા ફરીયાદીના ગળા માંથી સોનાનો દોરો ચીલ ઝડપ કરી ચોરી કરેલ હોઈ કે ખેચી લીધેલ હોઈ તે હકીકત પુરવાર થતી નથી. કારણ કે, તેઓ આરોપીને જોયે ઓળખતા નથી, તેઓની હાજરીમાં આરોપીઓ પાસેથી કોઈ મુદામાલ પોલીસે રીકવર કરલે હોઈ અને ફરીયાદી એ તે મુદામાલ ની ઓળખ કરલે હોઈ તેવો કોઈ ઠોસ પુરાવા ફરિયાદ પક્ષે પુરવાર કરેલ નથી. વધુમાં, આરોપીઓ ની કોઈ ઓળખ પરેડ ફરિયાદ રૂબરૂ કરવામાં આવેલ હોઈ તેવો પણ કોઈ સ્પસ્ટ પુરાવા ફરિયાદ પક્ષે રેકર્ડ પર પુરવાર કરેલ નથી. જેથી આ કામે ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધનું

તહોમત નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોઈ, હાલના આરોપીને આક્ષેપીત ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. જેથી આ કામના આરોપીને હાલના ગુનાના કામેથી નિર્દોષ ઠરાવી, છોડી મૂકવા જોઈએ તેવું આ અદાલતનું માનવું છે.જેથી મુદ્દાનંબર–૧નો જવાબ 'નકાર'માં આપવામાં આવે છે અને મુદ્દાનંબર–૨ અંગે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –:((હુકમ)):–

(૧) બી.એન.એસ.એસ.ક–૨૭૧ (૧) અન્વયે, આ કામના આરોપીને ભારતીય ન્યાય સંહિતા ની કલમ– ૩૦૩(૨), ૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ હાલના કામેની સંભવીત અપીલના કામે અપીલ કોર્ટ સમક્ષ હાજર થવા સારુ રજુ કરેલ જામીન તથા જાતમુચરકા બી.એન.એસ.એસ.ક–૪૮૧ ની જોગવાઈ અનુસાર અમલમાં રહેશે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૯/૦૩/૨૦૨૬
ભીલોડા

(આનંદકુમાર અનિલભાઈ દવે)
એડિ. જ્યુડિ મેજિસ્ટ્રેટ.ફ.ક.
ભિલોડા.
જીજે.૦૧૪૪૨

//ANIL TIRWALA//